**આણંદ કૃષિ યુનિવર્સિટીના પેન્શનરો / કુટુંબ પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઇ કરવા બાબત.**

**હિસાબ નિયામકશ્રીની કચેરી**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
આણંદ – ૩૮૮૧૧૦ – ગુજરાત

પરિપત્ર ક્રમાંક : આકૃયુ/પે એન્ડ પેન્શન સેલ / **૪૦૧** /૨૦૨૩
તા. ૨૯/૦૪/૨૦૨૩

વંચાણે લીધો :- (૧) નાણાં વિભાગ, ગુજરાત સરકાર, ઠરાવ ક્રમાંક :- તજર – ૧૦૨૦૦૭ – ૧૩૨ - ઝ તા. :- ૧૭ / ૦૯ / ૨૦૧૨.

:::: **પરિપત્ર** :::

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેથી પેન્શન/કુટુંબ પેન્શન મેળવતા તમામ પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને જણાવવાનુ કે, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વાર્ષિક હયાતી ખરાઈ કરવા બાબતે રાજ્ય સરકાર દ્વારા પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈની પધ્ધતિ નક્કી કરવામાં આવેલ છે, ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ના નિયમ-૨૭૨ અને ૨૭૩માં કરવામાં આવેલ જોગવાઈ તેમજ સંદર્ભ પરના ઠરાવ (૧) મુજબ પેન્શનરોએ વાર્ષિક હયાતીની ખરાઈ દર વર્ષે **મે- મહિનામાં** કરવાનું ઠરાવવામાં આવેલ, અને જે પેન્શનરો મે મહિનામાં હયાતીની ખરાઈ ન કરાવી શકે તેમને હયાતીની ખરાઈ કરાવવા માટે **જુલાઈ માસ સુધી છુટ આપવામાં આવેલ છે**. જો છુટના આ મહિનાઓ દરમ્યાન પણ પેન્શનર હયાતીની ખરાઈ કરાવવામાં નિષ્ફળ જાય તો તેવા પેન્શનરોના કિસ્સામાં **ઓગષ્ટ માસ**થી પેન્શનની રકમનું ચૂકવણું સ્થગિત કરવામાં આવશે. વધુમાં પેન્શન ચુકવણા અધિકારી/તિજોરી અધિકારી/પેટાતિજોરી અધિકારી/મામલતદાર અથવા ફર્સ્ટ કલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટના સહિ/સિક્કા અથવા નિયમ મુજબ ગેઝેટેડ ઓફિસરશ્રી સમક્ષ હાજર થઈ સહી/અંગુઠાની છાપ કરી વાર્ષિક હયાતીની ખરાઈ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતેથી પેન્શન / કુટુંબ પેન્શન મેળવતા તમામ પેન્શનરો અને કુટુંબ પેન્શનરોને જણાવવાનું કે વાર્ષિક હયાતીની ખરાઇ ઉક્ત અધિકારીશ્રીઓ દ્વારા તેમજ કૃષિ યુનિવર્સિટીના હિસાબ નિયામકશ્રી, હિસાબી અધિકારી (પી.એફ/પેન્શન), ઓડીટ ઓફીસર, હિસાબી અધિકારી (કેશ) દ્વારા હયાતીની ખરાઇ કરવાની રહેશે. જે પેન્શનરો આણંદ ખાતે રૂબરૂમાં આવી શકવા સક્ષમ ના હોય તો આ સાથે સામેલ લીસ્ટ મુજબના અધિકારીશ્રીઓ તેમજ વિવિધ જીલ્લામાં આવેલ આણંદ કૃષિ યુનિવર્સિટીના સબ-સેન્ટરમાં ફક્ત યુનિટ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહી હયાતીની ખરાઇ કરાવવાની રહેશે અને સહી-સીક્કા કરાવી વાર્ષિક હયાતીનો દાખલ અત્રેની કચેરીને **તા. ૩૧/૦૭/૨૦૨૩ પહેલા મોકલી આપવાનો રહેશે**. વધુમાં જણાવવાનું કે વિદેશમાં વસતા પેન્શનરો/કુટુંબ પેન્શનરોએ નિયમ મુજબ જે તે દેશના સરકાર માન્ય નોટરી પાસે રૂબરૂમાં પોતાની હયાતીની ખરાઇ કરાવી વાર્ષિક હયાતીનો દાખલો નોટરીના સહી-સીક્કા કરાવી અસલમાં અત્રેની કચેરીને નિયત સમય-મર્યાદામાં મોકલી આપવાનો રહેશે.

ઉક્ત વાર્ષિક હયાતીના દાખલામાં સહી કરનાર સક્ષમ અધિકારીશ્રીઓએ જે તે પેન્શનર/કુટુંબ પેન્શનરની જાત તપાસ અને ખરાઇ કરી સહી સિક્કા કરવાના રહેશે અન્યથા આ અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે સહી કરનાર સક્ષમ અધિકારીશ્રીને રહેશે જે વિદિત થાય.

ઉક્ત વિગતે વધુ સ્પષ્ટતાની જરૂર હોય તો અત્રેની કચેરીના ઓડીટ ઓફીસરશ્રી નો સંપર્ક કરવો.

**હિસાબ નિયામક**

બિડાણ – વાર્ષિક હયાતી દાખલાનો નમુનો

**નકલ રવાના :–**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ પેન્શનર/કુટુંબ પેન્શનર તરફ જાણ અને અમલ સારૂ.
(૨) આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ અને અમલ સારૂ.
(૩) પ્રમુખશ્રી, નિવૃત શિક્ષક મંડળ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૪) પ્રમુખશ્રી, નિવૃત બીન શૈક્ષણિક મંડળ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ.
(૫) બ્રાંચ મેનેજરશ્રી, સેન્ટ્રલ બેંક ઓફ ઇંડીયા, ખેતીવાડી બ્રાંચ, આણંદ – નોટીસ બોર્ડ પર મુકવા સારૂ.
(૬) ચીફ મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઇંડીયા, આણંદ મેઇન બ્રાંચ, આણંદ – નોટીસ બોર્ડ પર મુકવા સારૂ.

**નીચેની વ્યકિતઓની સહીવાળું પેન્શનરની હયાતી બાબતનું પ્રમાણ પત્ર રજુ કરતા બધાજ પ્રકારના પેન્શનરને પેન્શન લેવા માટે જાતે હાજર રહેવામાંથી મુકિત આપવામાં આવશે.**

(૧) ફોજદારી કાર્યવાહીના કાયદા અનુસાર મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતી કોઇ વ્યકિત
(૨) ૧૯૦૮ ના ભારતીય નોંધણી અધિનિયમ હેઠળ નિમાયેલ કોઇ રજીસ્ટ્રાર કે સબ રજીસ્ટ્રાર
(૩) સરકારશ્રી ના કોઇ રાજય પત્રિત અધિકારી
(૪) નિવૃત્ત થતાં પહેલા મેજીસ્ટ્રેટની સત્તા ધરાવતાં કોઇ પેન્શનર કે રાજય પત્રિત અધિકારી
(૫) ન્યાયાધીશ
(૬) સરકારી ખિતાબ ધરાવતી કોઇ વ્યકિત
(૭) ઓછામાં ઓછા સબ ઇન્સ્પેકટરની કક્ષાના પોલીસ અધિકારી કે પોલીસ મથકના ઇન્ચાર્જ ઇન્સ્પેકટર
(૮) પોસ્ટ માસ્તર
(૯) ખાતાકીય સબ પોસ્ટ માસ્તર
(૧૦) ટપાલ કચેરીઓના ઇન્સ્પેકટર
(૧૧) ભારતીય રીઝર્વ બેન્કના અધિકારી
(૧૨) ભારતીય સ્ટેટ બેન્કના કે તેની સબસીડીયરી બેન્કનાં ૧૯૩૪ના ભારતીય રીઝર્વ બેન્કનાં અધિનિયમની અનુસૂચિ (૨) માં સમાવિષ્ટ કરવમાં આવેલ કોઇ બેન્કના ગ્રેડ -૨ ના અધિકારી સહીત કોઇપણ અધિકારી
(૧૩) સંસદમાં બેસતા ગુજરાત રાજયના સંસદ સભ્ય
(૧૪) વિધાન સભામાં બેસતા ગુજરાત રાજયના ધારાસભ્ય
(૧૫) કેન્દ્રશાસિત પ્રદેશના સરકારશ્રી ધારાસભામાં બેસતા સભાસદ
(૧૬) જીલ્લા પંચાયતના પ્રમુખ
(૧૭) નગર પંચાયતના અધ્યક્ષ
(૧૮) ગ્રામ પંચાયતના સરપંચ
(૧૯) પંચાયતમાં કે અર્ધ સરકાર સંસ્થાઓમાં પ્રતિનિયુકત પરના કોઇ રાજય પત્રિત સરકારી અધિકારી

# હિસાબ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ–૩૮૮૧૧૦ – ગુજરાત

---

**વર્ષ :– ૨૦૨૩–૨૪** **પી.પી.ઓ. નંબર :–** ____________

# હયાતીનો દાખલો

આથી હું નીચે સહી કરનાર પ્રમાણિત કરું છું કે, આણંદ કૃષિ યુનિવર્સિટીમાંથી પેન્શન / કુટુંબ પેન્શન મેળવતા શ્રીમાન/શ્રીમતી ____________________ પી.પી.ઓ. નંબર ____________ આજ સુધી હયાત છે અને તેમનું હાલના રહેઠાણનું પુરૂ સરનામુ ____________________ ગામ / શહેર ____________

મુ.પોષ્ટ ____________ તાલુકો ____________ જીલ્લો ____________ રાજ્ય : ____________

પીન કોડ નંબર ____________ પેન્શનર/કુટુંબ પેન્શનરનો ઘરનો ટેલીફોન નંબર : ____________

મોબાઇલ નંબર : ____________ ઇ મેલ આઇ.ડી. : ____________. આજરોજ મારી સમક્ષ જાતે હાજર રહયા છે અને તેમણે મારી રૂબરૂમાં નીચે પ્રમાણે સહી/અંગુઠાનું નિશાન કરેલ છે જેને હું નીચે સહી કરનાર પ્રમાણિત કરૂ છું.

પેન્શનર/કુટુમ્બ પેન્શનરની સહી : ____________

અથવા પેન્શનર/કુટુમ્બ પેન્શનરના

અંગુઠાનું નિશાન : ____________

સ્થળ :-

તારીખ:- / / ૨૦૨૩

ચકાસણી કરનાર અધિકારીની સહી ____________

અધિકારીશ્રીનું નામ ____________

કોન્ટેક નંબર : ____________

હોદ્દો અને કચેરી દર્શાવતો સીક્કો

............................................................................................................................................

## -: પેન્શનર/કુટુંબ પેન્શનરે આપવાનું પુનઃ નિયુકિત અંગેનું પ્રમાણપત્ર :–

૧. આથી હું એકરાર કરું છું કે, પેન્શન/કુટુંબ પેન્શનની લેણી થતી રકમની મુદત દરમ્યાન કોઈપણ સંસ્થામાં, લોકલ ફંડમાં કે ભારતની કોઈપણ સરકાર તરફથી પૂર્ણ અથવા અંશતઃ નાણાંકીય મદદ મેળવતી હશે તેમાં હું ભરતી થયેલ નથી. તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં પુનઃનિયુકિત પામેલ નથી.

૨. હું વધુમાં જાહેર કરું છું કે, હું નીચે સહી કરનાર ____________ તરીકે તારીખ ____________ થી ____________ સંસ્થા/કચેરીમાં પુનઃનિયુકિત થયેલ છું જેથી કામચલાઉ વધારાની માંગણી કરેલ નથી.

૩. વારસદાર તરીકે આજરોજ મારી ઉંમર ૨૫ વર્ષની થઇ ગયેલ નથી / છે. તેમજ મે લગ્ન કરેલ નથી / છે. (તે અંગેનો મામલતદાર / ગ્રામ પંચાયત / તલાટીનો દાખલો રજુ કરવો.)

૪. મેં આજદિન સુધી પુનઃલગ્ન કરેલ નથી / છે. (મારી ઉંમર ૫૦ વર્ષ કરતા ઓછી હોઇ/ પુનઃલગ્ન કરેલ નથી તે અંગેનો મામલતદાર/ગ્રામ પંચાયત/તલાટીનો દાખલો રજુ કરવો.

તારીખ :- / /૨૦૨૩

પેન્શનરની સહી ____________